The Baroda Rayon Corporation Ltd.
CIN L45100GJ1958PLC000892
P O Fatehnagar, Udhna, Surat 394 220
Tel : 0261-2899555
Email : admin@brcl.in
Website : www.brcl.in

March 17, 2026

To
Department of Corporate Services
BSE Limited
P J Towers,
Dalal Street,
Mumbai - 400001.

**Sub – Newspaper advertisement - Special window for transfer and Dematerialisation of physical shares.**
**Ref – BSE Scrip code – 500270**

Dear Sir / Madam,

Pursuant to SEBI Circular No. HO/38/13/11(2)2026-MIRSD-POD/I/3750/2026 dated January 30, 2026, regarding the opening of a special window for transfer and dematerialisation of physical shares, we hereby enclose copies of newspaper advertisements published on March 17, 2026 in the following newspapers:

a) Financial Express (English Edition); and
b) Pratap Darpan (Gujarati Edition)

This above details are also available on the company's website at www.brcl.in

Kindly take the same on your record.

Thanking you,

Yours faithfully,
**For The Baroda Rayon Corporation Limited**

Kunjal S Desai

**Kunjal Desai**
**Company Secretary**

The Baroda Rayon Corporation Ltd. PO Fatehnagar (Surat) 394220

Encl: As above

# ડુમસ સી ફેસ અને બીચ પરથી ૩૦૦ કિલો કચરાનો નિકાલ કરાયો

## સામાજીક સંસ્થાના સ્વંય સેવકોની મદદથી ચલાવાયું સફાઈ અભિયાન

સુરત, તા.૧૭

રવિવારે સુરતના મનોરંજન અને પ્રવાસન સ્થળ એવા ડુમસ ખાતે તાજેતરમાં લોકાર્પિત થયેલ ડુમસ સી ફેસ પર હજારોની સંખ્યામાં શહેરીજનો ફરવા આવેલ હોય તેમનામાં જનજાગૃતિ આવે તે હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા માનનીય કમિશ્નરશ્રીની સીધી સૂચના મુજબ સફાઈ અભિયાન અંતર્ગત પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ હતી. જેમાં લોકોને સૂકા અને ભીના કચરાનું વર્ગીકરણ તેમજ સુકો શનિવાર અભિયાન અંતર્ગત માહિતગાર કરવામાં આવેલ હતા સાથે સાથે તમામ જાહેર સ્થળો સાફ રાખવા૪ ગમે ત્યાં પિચકારી ના મારવા૪ દિવાલો ગંદી ન કરવા અને કચરો ગમે ત્યાં ન ફેંકતા ડસ્ટબિનનો જ ઉપયોગ કરવા પર ભાર મૂકવામાં આવેલ હતો.

જેમાં માનનીય મ્યુનિસિપલ કમિશનરશ્રીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની ટીમમાં અઠવા ઝોનના આસિસ્ટન્ટ આરોગ્ય અધિકારી તેમજ મુખ્ય આરોગ્ય નિરીક્ષકના માર્ગદર્શન હેઠળ ૧૫ જેટલા સુપરવાઈઝર સ્ટાફ અને વિવિધ ઝોનના પાંચ જેટલા એનજીઓ જેમ કે શાંતિદેવી ચેરીટેબલ ટ્રસ્ટ૪ ચિરંજીવી ફાઉન્ડેશન, સુરબીન ટ્રસ્ટ૪ વિ.ના ૮૦ જેટલા કાર્યકરો તેમજ સફાઈ કામદારો ડુમસ સી ફેસ અને દરિયા ગણેશ મંદિર પાસે બીચ પર વિવિધ સ્ટોલ અને ગ્રુપ બનાવીને મોટા સ્પીકર લગાવીને પ્રત્યક્ષ રીતે ગઝેબોમાં બેસેલા શહેરીજનો૪ પ્લે એરિયામાં રમતા બાળકોને અને એમ્ફી થિયેટરમાં સત્સંગ મંડળમાં બેસેલા ભાવિકોને અલગ અલગ ટીમ દ્વારા સમજાવવામાં આવેલા હતા. આ ઉપરાંત લોકોમાં સફાઈ અંગે જાગૃતિ આવે તે માટે ડુમસ સી ફેસ અને ડુમસ બીચની આજુબાજુના વિસ્તારમાંથી સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારો દ્વારા અંદાજે ૩૦૦ કિલો જેટલા કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો.



# વાપી નજીકના છીરી ગામમાં ગેરકાયદે બાંધકામોનું ભારે દુષણ

## આર્થિક ફાયદા માટે બિલ્ડરોએ આડેધડ ઈમારતો ખડકી દીધી

વાપી, તા.૧૭

વાપી નજીક છીરી ગામ ને હાલ મહાનગર પાલિકા માં સમાવિષ્ટ કરવામાં આવેલ છે ,ત્યારે છીરી ગ્રામ પંચાયત દ્વારા બિલ્ડરો ને ઈમારત ઉભી કરવા માટે આપેલ પરવાનગી ની યોગ્યતા ની મહાપાલિકા દ્વારા ચકાસણી કરી ગેર કાયદે ઉભી કરેલ ઈમારતો ના બાંધકામ ને લગતા નિયમો નુ પાલન કરવામાં આવ્યું નથી. એવી સ્થાનિકો દ્વારા વારંવાર ફરિયાદો કરવામાં આવી છે. જેમાં ખાસ કરી ને? એફ.એસ. આઈ.ને લઇ, માર્જિન છોડવાને લઇ, મળ મૂત્ર જેવા ગન્દા પાણી ના નિકાલ ને લઇ, ઈમારતો માં અચાનક આગ લાગે ત્યારે સલામતી અને સુરક્ષા જેવી ગમ્ભીર બાબતો ની અનદેખી થઈ હોવાની પણ ફરિયાદો ઉઠી છે. બિલ્ડરો દ્વારા ચાર થી પાંચ માળ ની ઈમારતો ની ઉભી કરવામાં માટે પ્રસાશન પાસે પરવાનગી માટે ફાઈલો પેડિંગ પડી છે.તેમ છતાં બિલ્ડરો પોતાની મનમાની કરી ઈમારતો ઉભી કરી રહ્યા છે. જે કેટલું યોગ્ય કહી શકાય? મતલબ દાળ માં કંઈક કાળુ હોવાની? ગ્રામ જનો દ્વારા શન્કા વ્યક્ત કરવામાં આવી છે. વાપી મહાપાલિકા હાલ વેરા વસુલવાના ના કામે લાગી હોય ત્યારે આવી જટિલ અને વિકટ સમસ્યા ની અનદેખી ઉપર પણ આંગળી ઉઠવા પામી છે. છીરી ગામ માં ઉભી કરેલ ગેર કાયદે ઈમારતો બાબતે પ્રસાશન ગંભીરતા દાખવે એવી લોક લાગણી જોવા મળી છે.

# ઓન ડયુટી દારૂના નશામાં મળી આવેલા ટ્રાફીક પોલીસ કર્મચારીનો નિર્દોષ છુટકારો

સુરત, તા.૧૩

સને ૨૦૧૭માં એસવીએનઆઈટી ટ્રાફીક સર્કલ પાસે ઓન ડયુટી નશાની હાલતમાં મળી આવેલા ટ્રાફીક પોલીસ કર્મચારી સામેનો પ્રોહીબીશનનો કેસ કોર્ટમાં પુરવાર નહીં થતા કોર્ટે પોલીસ કર્મચારીને નિર્દોષ ઠરાવતો હુકમ કર્યો હતો.

આ કેસની વિગત અનુસાર સુરત શહેર ટ્રાફીક પોલીસમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી જયદિપસિંહ છત્રસિંહ બારીઆ ઉ.વ.૪૦ સને ૨૦૧૭માં એસવીએનઆઈટી સર્કલ નજીક તેમની ફરજ પર હાજર હતા. તે સમયે તે દારૂ પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. તેમની સામે ઉમરા પોલીસમાં પ્રોહીબીશનનો ગુનો નોંધી જરૂરી કાર્યવાહી પોલીસે હાથ ધરી હતી. સને ૨૦૧૭ના ડિસેમ્બર મહિનામાં જયદિપસિંહ બારીઆ નશાની હાલતમાં મળી આવવા અંગેનો કેસ કોર્ટમાં ચાલી જતા આરોપી તરકે એડવોકેટ આર.જી.દારૂવાળા હાજર રહ્યા હતા અને દલીલો કરી હતી આ કેસના સાક્ષીઓ તેમણે આપેલી જુબાનીથી ફરી ગયા હતા. ફરીયાદ પક્ષ દારૂના નશાની હાલત મળી આવેલા આરોપી જયદિપસિંહ છત્રસિંહ બારીઆ (ઉ.વ.૪૦રહે. અઠવાલાઈન્સ પોલીસલાઈન એ ૦૭) સામેનો પ્રોહીબીશનનો કેસ નિઃશંકપણે પુરવાર નહી કરીશકતા કોર્ટે તમામ મુદ્દાઓ ધ્યાને લઇ બંને પક્ષની દલીલો બાદ જયદિપસિંહ છત્રસિંહ બારીઆન નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો હતો.

# સુરતની પેરા બેડમિન્ટન ખેલાડી અનિશા કુમારી મહતોએ મેળવ્યું બ્રોન્ઝ પદક

## એક જ વર્ષના ટૂંકા ગાળામાં સખત મહેનત અને દ્રઢ નિશ્ચય સાથે રાષ્ટ્રીય સ્તરે મેળવી આગવી ઓળખ

સુરત, તા.૧૭

સુરતની ૨૨ વર્ષીય પેરા બેડમિન્ટન ખેલાડી અનિશાકુમારી અરુણકુમાર મહતોએ હૈદરાબાદમાં તા.૦૬ થી ૧૦ માર્ચ ૨૦૨૬ દરમિયાન યોજાયેલી ૭મી નેશનલ પેરા બેડમિન્ટન ચેમ્પિયનશિપ-૨૦૨૬માં કાંસ્ય પદક જીતી સુરત શહેર અને દેશનું ગૌરવ વધાર્યું છે.

વર્ષ ૨૦૨૫થી જ બેડમિન્ટન ટ્રેનિંગની શરૂઆત કરી માત્ર એક વર્ષનાં ટૂંકા ગાળામાં જ મહેનત, લગન અને દ્રઢ નિશ્ચય દ્વારા અનિશાએ રાષ્ટ્રીય સ્તરે પોતાની અલગ ઓળખ બનાવી છે. અનિશાએ માત્ર ૪ વર્ષની નાની વયે એક અકસ્માતમાં પોતાનો જમણો પગ ગુમાવ્યો હતો. પરંતુ આ શારીરિક પડકારને તકમાં ફેરવી તેમણે રમતગમતના ક્ષેત્રમાં વિશેષ સ્થાન મેળવ્યું છે. બેડમિન્ટન તેમના માટે આત્મવિશ્વાસ અને પ્રેરણાનો સ્રોત બન્યું છે. રમતગમત ક્ષેત્રે સિદ્ધિ મેળવવા છતાં તે શિક્ષણને પણ એટલું જ મહત્વ આપે છે અને રમતગમત સાથે અભ્યાસનું સંતુલન જાળવે છે. હાલ અનિશા પોતાના કોચ રાહુલ મહેતા અને મનન પટેલના માર્ગદર્શન હેઠળ દરરોજ લગભગ ૨ કલાક નિયમિત તાલીમ લે છે. સાથે જ દોડ સહિતની વિવિધ ફિઝીકલ ટ્રેનિંગ અને યોગ્ય ડાયેટ પર પણ ખાસ ધ્યાન આપે છે. પેરા સ્પોર્ટ્સ એસોસિએશન ઓફ ગુજરાતના મેનેજરશ્રી ગૌરવ પરીખ અને પેરા સ્પોર્ટ્સ એસો.-સુરત, ધી સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડિકેપ્ડ સુરતના મેનેજરશ્રી આનંદ શાહે અનિશાને તેમની સફળતા માટે અભિનંદન સહ શુભેચ્છાઓ આપી હતી. અનિશાકુમારીનું લક્ષ્ય ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરીને ગોલ્ડ મેડલ જીતવાનું છે. તેમની આ સિદ્ધિ અનેક યુવાઓ માટે પ્રેરણારૂપ બની છે અને તેઓ દરેકને પોતાના સપનાઓ સાકાર કરવા માટે મહેનત અને સંકલ્પ સાથે આગળ વધવાનો સંદેશ આપે છે.

# કામરેજ નવા ગામમાં ઈકો ગાડીનું સાઈલેન્સર ચોરાયું

કડોદરા તારીખ ૧૭

કામરેજના નવા ગામની સીમમાં બીઆરટીએસ ની સામે આવેલ ગુરુકૃપા એપાર્ટમેન્ટની નીચે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી ઈકો કારમાંથી સાઈલેન્સર ની ચોરી કરી અજાણ્યો ઈસમ નાસી ગયો હતો નવાગામ ફ્લેટ નંબર ૧૦૬ ગુરુકૃપા એપાર્ટમેન્ટમાં રહેતા ફારૂકભાઈ અહમદભાઈ હાલે પોટરા એ ગઈકાલે નવાગામ ની સીમમાં આવેલ શ્યામ નગર સોસાયટી બીઆરટીએસ ની સામે આવેલ ગુરુકૃપા એપાર્ટમેન્ટની નીચે ખુલ્લી જગ્યામાં જીજે 05 cu 1306 નંબરની eeco કાર પાર્ક કરેલ હતી તેમની કારમાંથી સાઈલેન્સર કિંમત રૂપિયા ૩૫,૦૦૦ ની મતાની ચોરી કરી અજાણીઓ ચોર નાસી ગયો હતો ફારૂકભાઈ ની ફરિયાદના આધારે કામરેજ પોલીસે અજાનિયા ચોર ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



# ઓલપાડનાં ગણિત વિષયનાં શિક્ષકોની તાલીમ

સુરત, તા.૧૭

ગુજરાત રાજ્ય, શિક્ષણ વિભાગ દ્વારા NEP-2020 s NCF-2025 આધારિત અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો, અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા તેમજ મૂલ્યાંકનમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત બ્લોક રિસોર્સ સેન્ટર, ઓલપાડ દ્વારા ધોરણ-૩ થી ૫ નાં ગણિત વિષયની દ્વિદિવસીય તાલીમ અત્રેનાં બીઆરસી ભવન ખાતે યોજવામાં આવી હતી. જેમાં તાલીમાર્થી શિક્ષક ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાયા હતાં. સદર તાલીમ વર્ગમાં ગણિત વિષયનાં કઠિનબિંદુઓનું સરળીકરણ, અધ્યયન નિષ્પત્તિઓની સમજ, રમત દ્વારા શિક્ષણ જેવી મહત્ત્વપૂર્ણ બાબતો તજજ્ઞ એવાં સોનલ ઝાલા (દાંડી), જિજ્ઞાસા સોલંકી (સાયણ સુ.ફે.), નૂતન પટેલ (અસનાડ), ઈશ્વર પટેલ (ધનશેર), પરેશ પટેલ (વડોલી) તથા હરીશ પટેલ (દિહેણ) દ્વારા સુનિયોજિત રીતે હાથ ધરવામાં આવી હતી. તાલીમનાં પ્રારંભે ઉપસ્થિત બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલે સૌ તાલીમાર્થીઓને તાલીમમાં મેળવેલ શૈક્ષણિક ભાથુ પોતાનાં બાળકો સુધી પહોંચાડી તેમની ગુણવત્તાને અપેક્ષિત સ્થાને લઈ જવા અનુરોધ કર્યો હતો. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

### મધ્ય-પૂર્વ યુદ્ધમાં

પહેલા પાનાનું ચાલુ

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે સરકાર ૩૧ માર્ચ સુધી પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધારો કરવાના મૂડમાં નથી. કારણ કે તેમ કરવાના સંજોગોમાં બજેટના ટાર્ગેટ અને રાજકોષીય સંતુલનને અસર થઇ શકે છે. આ સ્થિતિ ટાળવા ભાવને યથાવત રાખવામાં આવશે.

આ જ રીતે રાજકીય કારણ પણ રહ્યું છે. પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, આસામ સહિત પાંચ રાજ્યોમાં આવતા મહિને ચૂંટણી યોજાવાની છે. પેટ્રોલ-ડીઝલ મોંઘુ થવાના સંજોગોમાં ચૂંટણી પર અસર થવાની ભીતિને કારણે પણ સરકાર ભાવ વધારો નિર્ણય લેશે કે કેમ તે જોવાનું રહેશે.

મધ્ય પૂર્વમાં અમેરિકા-ઈઝરાયેલ તથા ઈરાન વચ્ચેનું યુધ્ધ શરુ થયું ત્યારથી જ વિશ્વ બજારમાં ક્રુડતેલના ભાવમાં ભડકો થયો છે. ડબલ્યુટીઆઈ ક્રુડમાં ૫૦ ટકા અને બ્રેન્ટ ક્રુડમાં ૪૦ ટકાથી વધુનો વધારો થઇ ગયો છે. આ વધારા પાછળનું કારણ ક્રુડ તેલની સપ્લાય વેરવિખેર થવાનું છે.

યુધ્ધ વચ્ચે ઈરાને હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધું છે. જ્યાંથી ૨૦ ટકા ક્રુડ તેલનું પરિવહન થતું હોય છે. પરિવહન થંભી જવાના કારણે ભારત સહિત દુનિયાભરના દેશોમાં ક્રુડ મોરચે પડકાર સર્જાયો છે. ભારત માટે તો હાલત વધુ ખરાબ થઇ છે. કારણ કે ભારતમાં ઠલવાતું ૬૦ ટકા ક્રુડ આ માર્ગેથી આવતું હોય છે.

આ સિવાય ભારતને વધુ એક ફટકો રશિયન ક્રુડનો પડ્યો છે. લાંબા વખત સુધી રશિયા દ્વારા ભારતને ડીસ્કાઉન્ટમાં ક્રુડ આપવામાં આવતું હતું પરંતુ હવે તેના દ્વારા ક્રુડ મોંઘુ કરી દેવામાં આવ્યું છે. રશિય ક્રુડમાં પણ ૫૦ ટકા ભાવ વધારો થયો છે.

ભારતીય આર્થિક સલાહકાર સમિતિના સભ્ય અને જાણીતા અર્થશી નિલકંઠ મીશ્રાએ જણાવ્યું હતું કે વિશ્વ સ્તરે ક્રુડ તેલની કિંમત ૧૦૦ ડોલરથી ઉપર જ રહેવાના સંજોગોમાં ભારતના આયાત બીલમાં ૮૦ અબજ ડોલરનો વધારો થઇ શકે છે. જે જીડીપીના ૨.૧% થવા જાય છે.

હાવર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર ગીતા ગોપીનાથે એવી લાલબત્તી કરી હતી કે ચાલુ વર્ષમાં ક્રુડની કિંમત સરેરાશ ૮૫ ડોલર આસપાસ રહે તો વૈશ્વિ વિકાસ દર ૦.૩ થી ૦.૪ ટકા સુધી ઘટી શકે છે અને મોંઘવારીમાં ૦.૬૦ ટકાનો વધારો થઇ શકે છે. રેટીંગ એજન્સી ઈકરાના રિપોર્ટ પ્રમાણે ક્રુડ તેલમાં ૧૦ ડોલરના વધારાથી ભારતની ચાલુ ખાતાની ખાધ ૦.૩૦ થી ૦.૪૦ ટકા સુધી વધી શકે છે.

### બે દિવસમાં તેલ અને

પહેલા પાનાનું ચાલુ

ગાંધીધામમાં ગેઈલને સપ્લાય થાય છે અને ત્યાંથી નેશનલ ગેસ ગ્રીડમાં ટ્રાન્સફર કરવામાં આવે છે. ત્રણેક જહાજ બંદર પર આવ્યા તે પૂર્વે જ દસ્તાવેજ સહિતની પ્રક્રિયા પૂર્ણ કરી લેવા સાથે પ્રાયોરીટી બર્થની વ્યવસ્થા કરાઇ હતી.

સરકારી પોર્ટ દ્વારા જહાજોની મુવમેન્ટ તથા કાર્ગો ઓપરેશન પર ખાસ દેખરેખ રાખવામાં આવી રહી છે. પોર્ટ પર કોઇ માલ ભરાવો ન હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

### એક હજારથી વધુ ફલાઈટ

પહેલા પાનાનું ચાલુ

ફુંકાય તેવી પણ શક્યતા છે.પવનની ઝડપ ખૂબ જ વધારે રહેવાની હોવાથી ફ્લાઈટ્સની અવરજવર પર તેની અસર થઈ શકે છે, ઉલ્લેખનીય છે કે, વીકેન્ડમાં પણ ભારે પવન ફુંકાતા કેટલીક જગ્યાએ ટ્રકો પલ્ટી ખાઈ ગઈ હતી.વાતાવરણમાં આવેલા પલ્ટાને કારણે સોમવારે સેન્ટ્રલ વિસ્કોન્સિનથી મિશિગનના અપર પેન્સ્યૂલામાં બે ફુટ સુધી બરફ પડી શકે છે જ્યારે શિકાગો અને મિલવાઉકીમાં પણ સ્નોફોલ થવાની આગાહી છે.સિક્સ ગ્રેટ લેક સ્ટેટ્સ તરીકે ઓળખાતા મિનેસોટા, વિસ્કોન્સિન, ઈલીનોય, ઈન્ડિયાના, મિશિગન અને ઓહાયોમાં ભારે પવન ફુંકાતા અનેક જગ્યાએ ઈલેક્ટ્રિસિટી લાઈનને નુક્સાન થતાં રવિવારની સ્થિતિએ બે લાખથી વધુ ઘરોમાં વીજળીનો સપ્લાય ઠપ્પ થઈ ગયો હતો.રવિવારે પણ નોર્ધન પ્લેન્સમાં રવિવારે એકથી બે ફુટ જેટલો બરફ પડ્યો હતો તેમજ મિડવેસ્ટથી ગ્રેટ લેક્સના પટ્ટામાં ૧૧ મિલિયન લોકો તેનાથી પ્રભાવિત થયા છે જ્યારે ગ્રેટ લેક્સથી ન્યૂ ઈંગ્લેન્ડના વિસ્તારોમાં ખરાબ હવામાનથી પ્રભાવિત થનારા લોકોનો આંકડો ૨૦ મિલિયન જેટલો થાય છે.

### મનાલીમાં બે ઈંચ હિમ

પહેલા પાનાનું ચાલુ

રાજ્યનું સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ૭.૨ ડિગ્રી સેલ્સિયસ નીચે અને લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૦.૬ ડિગ્રી નીચે ગગડી ગયું છે. ૩ શહેરોનું લઘુત્તમ તાપમાન માઈનસમાં અને ચંબાનું મહત્તમ તાપમાન ૧૬ ડિગ્રી ઘટ્યા બાદ ૧૧.૨ ડિગ્રી સેલ્સિયસ રહ્યું છે. રાજ્યનું સરેરાશ મહત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં ૭.૨ ડિગ્રી નીચે ગયું છે.

હવામાન વિભાગ (રૈંસ્ઙ) એ રાજ્યના ચાર જિલ્લાઓ ચંબા, કાંગડા, કુલ્લુ અને મંડીમાં આજે પણ વાવાઝોડા અને તોફાન માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. આ જિલ્લાઓમાં ૩૦ થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તોફાન ફૂંકાવાની આગાહી છે. આ દરમિયાન અન્ય જિલ્લાઓના મધ્યમ ઊંચાઈવાળા વિસ્તારોમાં હળવો વરસાદ અને ઊંચા પહાડો પર હિમવર્ષા થઈ શકે છે.

રૈંસ્ઙ અનુસાર- રાજ્યમાં વરસાદ અને બરફવર્ષાનો દોર આગામી છ દિવસ સુધી ચાલુ રહેશે. વધુ ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફવર્ષા અને મધ્યમ ઊંચાઈવાળા વિસ્તારોમાં વરસાદની સંભાવના છે. વિભાગ મુજબ ૧૮ થી ૨૦ માર્ચ વચ્ચે રાજ્યના ઘણા ભાગોમાં ફરીથી ભારે વરસાદ અને બરફવર્ષા થશે. આ દરમિયાન ઘણા વિસ્તારોમાં કરાનો કહેર પણ જોવા મળશે. ૨૧ અને ૨૨ માર્ચના રોજ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ થોડું નબળું જરૂર પડશે, પરંતુ હળવો વરસાદ અને બરફવર્ષા ચાલુ રહેશે.

### યુદ્ધના કારણે પર્શિયન

પહેલા પાનાનું ચાલુ

જહાજમાં સતર્ક રહેવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. એરપોર્ટ અને દરિયાઈ માર્ગો બંધ છે.

કેપ્ટન કપૂરે જણાવ્યું કે વર્તમાન સુરક્ષા પરિસ્થિતિઓને કારણે આ જહાજોને હાલમાં આગળ વધવાની મંજૂરી આપવામાં આવી રહી નથી. આનાથી બધા જહાજો સમુદ્રમાં એક જ જગ્યાએ રોકાયેલા છે અને નાવિકો સતત તણાવમાં છે, જેઓ સતત પોતાના પરિવારો સાથે સંપર્કમાં રહેવાનો પ્રયાસ કરી રહ્યા છે. અનિશ્ચિત સંજોગો વચ્ચે નાવિકોને પોતાની સુરક્ષા અને ભવિષ્યને લઈને ચિંતા સતાવી રહી છે.

કેપ્ટન રમણ કપૂરે દેશવાસીઓને તમામ નાવિકોની સુરક્ષા માટે પ્રાર્થના કરવાની અપીલ કરી છે. સાથે જ તેમણે ભારત સરકારને આગ્રહ કર્યો છે કે આ મામલે હસ્તક્ષેપ કરીને ભારતીય નાવિકો અને જહાજોને સુરક્ષિત બહાર કાઢવા માટે જરૂરી પગલાં લેવામાં આવે. તેમણે કહ્યું કે તેમની કંપની અને ક્રૂ સતત તેમને સહયોગ આપી રહ્યા છે. તેમણે કહ્યું કે પ્રાર્થના કરીએ છીએ કે આ યુદ્ધ જલ્દી બંધ થાય, જેથી તેઓ સુરક્ષિત ઘરે પહોંચી શકે.

### ઈરાકમાં અમેરિકી

પહેલા પાનાનું ચાલુ

સંભળાયો હતો.બીજી તરફ, આ તણાવ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર છે. ભારતના બે જહાજ આજે ગુજરાતના કંડલા પોર્ટ અને મુંદ્રા પોર્ટ પહોંચવાના છે. 'નંદા દેવી' જહાજ લગભગ ૪૬ હજાર મેટ્રિક ટન ન્ ્ લઈને કંડલા પહોંચશે, જ્યારે 'જગ લાડકી' જહાજ લગભગ ૮૧ હજાર ટન ક્રૂડ ઓઈલ લઈને મુંદ્રા પોર્ટ પહોંચશે. આ બંને જહાજ હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલ અને ગેસ લઈને ભારત આવી રહ્યા છે.

આ પહેલા ભારતીય જહાજ શિવાલિક સોમવારે ન્ ્લઈને 'મુંદ્રા પોર્ટ' પહોંચી ચૂક્યું છે. આ જહાજ પૂર લગભગ ૪૬ હજાર મેટ્રિક ટન ન્ ્ છે, જે લગભગ ૩૨.૪ લાખ ઘરેલુ ગેસ સિલિન્ડર બરાબર છે.

ભારતે ઈરાન નજીક આવેલા વિશ્વના મહત્વના દરિયાઈ માર્ગ હોર્મુઝ સ્ટ્રેટ પાસે પોતાના બે યુદ્ધ જહાજ તૈનાત કર્યા છે. છદ્ગૈં એ સૂત્રોને ટાંકીને જણાવ્યું કે ભારતીય નૌકાદળના આ ટાસ્ક ફોર્સ જહાજો ઓઈલ અને ગેસ લઈને ભારત આવતા વ્યાપારી જહાજો અને ટેન્કરોને સુરક્ષા આપશે. સાથે જ જરૂર પડ્યે તેમને દરેક પ્રકારની સહાય પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ અને હોર્મુઝ સ્ટ્રેટમાં વધતા ખતરા વચ્ચે ભારત પોતાના ઉર્જા સપ્લાય માર્ગ અને દરિયાઈ વેપારની સુરક્ષાને લઈને સતર્ક છે.

### ઉનાકાંડમાં પાંચ દોષિતોને

પહેલા પાનાનું ચાલુ

૫૨૪ હેઠળ ૩ વર્ષની સજા તથા IPC કલમ ૩૪૨ અને ૫૦૪ હેઠળ ૨ વર્ષની સજા ફટકારવામાં આવી છે. ઉપરાંત, દરેક આરોપીને રૂપિયા ૫,૦૦૦નો દંડ પણ ફટકારાયો છે.

કોર્ટના આદેશ મુજબ, તમામ સજાઓ એકસાથે (concurrent) ભોગવવાની ગણાશે. મહત્વપૂર્ણ બાબત એ છે કે, આ કેસના તમામ આરોપીઓ છેલ્લા ૯ વર્ષથી વધુ સમયથી જેલવાસ ભોગવી રહ્યા છે. જેથી કોર્ટના આ નિર્ણયને અનુસંધાને તેઓએ પહેલેથી જ સજાનો સમયગાળો પૂર્ણ કરી દીધો હોય તેવું માનવામાં આવી રહ્યું છે.આ પરિસ્થિતિમાં, કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તમામ દોષિતોને જેલમાંથી મુક્ત થવાનો માર્ગ પણ ખુલ્લો બન્યો છે. આ ચુકાદાને લઈને પીડિત પક્ષમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે, જ્યારે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ તંત્ર દ્વારા કોર્ટ પરિસર સહિત સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.ઉના કાંડનો આ કેસ રાજ્યભરમાં ભારે ચર્ચાનો વિષય રહ્યો હતો અને આજે આવેલા આ ચુકાદાએ એક મહત્વપૂર્ણ કાનૂની અધ્યાયને પૂર્ણતા તરફ દોરી દીધો છે.

### મંદરોઈ ગામે

પેજ-૨ પાનાનું ચાલુ

ઘાસ મારવાની કોઈ ઝેરી દવા છાંટી દીધી હતી.જે ઝેરી દવાની અસર બે-ત્રણ દિવસ પછી થતા માંડવામાં પરવળનાં વેલા-પાંદડા સુકાઈ જતા પાક નષ્ટ થતો જણાયો હતો. જેથી મેં જંતુનાશક દવાનું વેચાણ કરતા મારા મિત્ર પાસે ખેતરની મુલાકાત કરાવી નિરીક્ષણ કરાવ્યું હતું.તેમના કહેવા મુજબ અને હું પણ વર્ષોથી પરવળની ખેતી કરતો હોવાના અનુભવ પ્રમાણે હરામખોરે 'ટુ ફોર્ટી' નામની ઘાસ મારવાની ઝેરી દવા છાંટી મારા પાકને નુકસાન કર્યું છે.

જેથી નુકસાની નો ભોગ બનનાર ખેડૂત અરવિંદભાઈ પટેલે ઓલપાડ પોલીસ મથકનાં દ્વાર ખખડાવી વાર્ષિક અંદાજીત રૂપિયા ૭ લાખથી વધુનું નુકસાન મામલે ફરીયાદ અરજી આપી હતી.જે અરજીના પગલે પોલીસે સ્થળ તપાસ કરી મોબાઈલમાં નુકશાનીનું વિડિયો શૂટિંગ કર્યું હતું.જો કે પોલીસે ખેડૂત પાસે નુકશાની કરનાર શકમંદનું નામ જણાવવા કહેતા ખેડૂતને ખબર ન હોવાથી નામ આપ્યું ન હતું.જયારે આ લખાય છે ત્યાં સુધી પોલીસે હજુ સુધી ગુનો ન નોંધતા નુકશાનીનો ભોગ બનનાર સહિત અન્ય ખેડૂતો અપેક્ષા સેવી રહ્યા છે કે,પોલીસ આ બાબતે અજાણ્યા ઈસમ વિરુધ્ધ ગુનો નોંધી તપાસ કરી ન્યાય અપાવે તેવી લોક માંગ પ્રબર બની છે.

### ચેમ્બર ઓફ કોમર્સ

પેજ-૨ પાનાનું ચાલુ

હોવાનું આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું હતું.

પ્રથમ દિવસે ૭,૮૮૦ મુલાકાતીઓએ એક્સ્પોમાં વિવિધ બ્રાન્ડની કાર અને બાઈક નિહાળી હતી. શનિવારે બીજા દિવસે ૧૪,૭૪૦ લોકોએ ઓટો એક્સ્પોની મુલાકાત લીધી હતી. રવિવારે તો રેકોર્ડ બ્રેક ભીડ એક્સ્પોમાં જામી હતી અને એકજ દિવસમાં ૫૦ હજારથી વધુ લોકો એક્સ્પોમાં ઉમટી પડયા હતા. સોમવારે ચોથા દિવસે પણ ૧૫ હજારથી વધુ લોકોએ એક્સ્પોની મુલાકાત લેતા ચાર દિવસમાં કુલ ૮૭ હજારથી વધુ લોકોએ એક્સ્પોની મુલાકાત લીધી હતી.

ઓટો એક્સ્પો દરમિયાન મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણરૂપ બાઈક સ્ટંટ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. કુશળ રાઈડર્સ દ્વારા રજૂ કરવામાં આવેલા રોમાંચક બાઈક સ્ટંટને જોવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. રાઈડર્સે વિવિધ અદ્દભુત સ્ટંટ રજૂ કર્યા હતા, જેને જોઈને દર્શકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને સમગ્ર વાતાવરણ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠયું હતું.તદુપરાંત, એક્સ્પોમાં બનાવવામાં આવેલા પ્રુવીંગ ગ્રાઉન્ડ પર મુલાકાતીઓને ખાસ રોમાંચક અનુભવ મેળવવાની તક મળી હતી. અહીં લોકોએ જીપમાં બેસીને ઉબડખાબડ રસ્તાઓ, ઊંચા—નીચા ઢોળાવ અને ખાડાઓમાંથી પસાર થવાનો અનુભવ માણી શકયા હતા. ઘણા મુલાકાતીઓએ પોતે પણ જીપ ડ્રાઈવ કરીને આ પ્રુવીંગ ટ્રેક પર સાહસિક ડ્રાઈવિંગનો અનોખો આનંદ લીધો હતો, જે એક્સ્પોની ખાસ યાદગાર આકર્ષણોમાંનું એક બની રહ્યું હતું.

ઓટો એક્સ્પોમાં વિન્ટેજ કાર સેગમેન્ટ પણ મુલાકાતીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. વિવિધ સમયકાળની આકર્ષક અને ઐતિહાસિક મહત્વ ધરાવતી વિન્ટેજ કારોને જોવા માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ કારોના અનોખા ડિઝાઈન, શૈલી અને જાળવણીને જોઈને કારપ્રેમીઓએ તેની ખૂબ પ્રશંસા કરી હતી અને ઘણા લોકોએ વિન્ટેજ કારોના ફોટોગ્રાફસ પણ લીધા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના આ ઓટો એક્સ્પોએ સુરત શહેરમાં ઓટોમોબાઈલ ઉદ્યોગ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડયું હતું અને ઉદ્યોગકારો તથા ગ્રાહકો વચ્ચે સીધું જોડાણ સ્થાપિત કરવામાં સફળતા મેળવી હતી.

### બીલીમોરામાં

પેજ-૨ પાનાનું ચાલુ

મ્યુનિસિપાલિટી, સુરત વિરુદ્ધ પણ કાર્યવાહી કરીને હુકમની અમલવારી સુનિશ્ચિત કરાવવામાં આવે .

જનતાના કરવેરા અને સુરક્ષા માટે ખરાબ ગુણવત્તાના રોડ-રસ્તા માટે બીલીમોરા નગરપાલિકાનાં જવાબદાર અધિકારીઓ અને પદાધિકારીઓ સામે દાખલો બેસે એવી સજા કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

### ઉદ્યોગો માટે

પેજ-૨ પાનાનું ચાલુ

થવાની સંભાવના રહેતી હોય છે. તેથી યોગ્ય ફાયર ઈન્સ્યુરન્સ પોલિસી પસંદ કરવી અને તેમાં સમાવિષ્ટ કવરેજ અંગે સ્પષ્ટ સમજ રાખવી ખૂબ જ આવશ્યક છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ફાયર પોલિસીમાં બિલ્ડિંગ, મશીનરી, સ્ટોક તેમજ અન્ય સંપત્તિઓને આવરી લેતી વિવિધ પ્રકારની કવરેજ ઉપલબ્ધ હોય છે. દુર્ઘટનાના સમયે ક્લેઈમ પ્રક્રિયા સરળતાથી પૂર્ણ થાય તે માટે યોગ્ય દસ્તાવેજીકરણ અને પોલિસીની શરતો વિશે અગાઉથી જાણકારી હોવી જરૂરી છે, જેથી નુકસાનની ભરપાઈ સમયસર મળી શકે.

યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપની લિમિટેડ – સુરતના આસિસ્ટન્ટ મેનેજર શ્રી ઋષભ શાહે સાયબર ઈન્સ્યુરન્સ, લાયબિલિટી, સંપૂર્ણ સુરક્ષા એન્ડ પેરામેટ્રિક ઈન્સ્યુરન્સ સંદર્ભે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ડિજિટલ યુગમાં સાયબર હુમલાઓ, ડેટા ચોરી અને ઓનલાઈન ઠગાઈ જેવા જોખમો સતત વધી રહ્યા છે, જેના કારણે ઉદ્યોગો માટે સાયબર ઈન્સ્યુરન્સ ખૂબ જ જરૂરી બની ગયું છે. યોગ્ય સાયબર કવરેજ દ્વારા ડેટા બ્રિચ, બિઝનેસ ઈન્ટરપ્શન અને લીગલ લાયબિલિટી જેવી પરિસ્થિતિઓમાં થતા નુકસાનથી સંસ્થાઓને સુરક્ષા મળી શકે છે.

યુનાઈટેડ ઈન્ડિયા ઈન્સ્યુરન્સ કંપની લિમિટેડ – બારડોલીના બ્રાન્ચ મેનેજર શ્રી મિલિન સાદડીવાલાએ જણાવ્યું હતું કે, સંપૂર્ણ સુરક્ષા પોલિસી અને લાયબિલિટી ઈન્સ્યુરન્સ દ્વારા સંસ્થા તથા કર્મચારીઓ બંનેને વ્યાપક સુરક્ષા મળી શકે છે. તદુપરાંત પેરામેટ્રિક ઈન્સ્યુરન્સ જેવી આધુનિક પોલિસી દ્વારા કુદરતી આફતો અથવા ચોક્કસ પરિસ્થિતિઓમાં ઝડપથી ક્લેઈમ સેટલમેન્ટ થઈ શકે છે, જે વ્યવસાયને ઝડપી પુનઃસ્થાપિત કરવામાં મદદરૂપ બને છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી નિરવ માંડલેવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચેમ્બરની ઈન્સ્યુરન્સ કમિટીના ચેરમેન શ્રી મહેરનોશ તોડીવાલાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

### છેલ્લા પાનાનું ચાલુ ઉનાળામાં વિદ્યાર્થીઓના

સ્તર જળવાઈ રહે અને ડિહાઈડ્રેશન ન થાય તે માટે વારંવાર પાણી પીવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવશે.વર્ગખંડની અંદરનું વાતાવરણ ઠંડુ અને અનુકૂળ રહે તે માટે સુરત મનપાના આરોગ્ય વિભાગના નિર્દેશ બાદ શિક્ષણ વિભાગે તમામ શાળાઓને કૂલિંગ સુવિધાઓ તપાસવા કડક આદેશ આપ્યા છે. દરેક વર્ગખંડમાં પંખાઓ ચાલુ હાલતમાં હોવા જોઈએ. જો કોઈ પંખો બગડેલો હોય તો તેને યુદ્ધના ધોરણે રિપેર કરાવવા અને જ્યાં જરૂર જણાય ત્યાં નવા પંખા લગાવવા જણાવાયું છે. ભણવા માટે અનુકૂળ અને હવાની અવરજવરવાળું વાતાવરણ પૂરું પાડવાની જવાબદારી શાળા સંચાલકોની રહેશે.

ઘણા વાલીઓમાં એવી ચર્ચા હતી કે છેલ્લા કલાકમાં જો પ્રોક્સી પિરિયડ હોય તો વિદ્યાર્થીઓને વહેલા ઘરે જવા દેવામાં આવશે? જોકે, શિક્ષણ અધિકારીએ આ બાબતે સ્પષ્ટ નકાર ભણ્યો છે. તેમણે જણાવ્યું કે વહેલા રજા આપવાની કોઈ જોગવાઈ અત્યારે નથી, પરંતુ વિદ્યાર્થીઓને શાળામાં રાખવા પાછળનો હેતુ એ છે કે તેઓ બપોરના આકરા તડકામાં રસ્તા પર ન ફરે. શાળાના સુરક્ષિત અને છાંયડાવાળા વાતાવરણમાં રહીને તેઓ ઈન્ડોર એક્ટિવિટી દ્વારા પોતાનો સમય પસાર કરે તે હિતાવહ છે.

જો કોઈ વિદ્યાર્થીને અચાનક ચક્કર આવે, ઉલટી થાય કે હીટસ્ટ્રોકના લક્ષણો દેખાય, તો તેના તાત્કાલિક નિવારણ માટે દરેક શાળામાં એક 'નોડલ ઓફિસર' ની નિમણૂક કરવામાં આવી છે. આ ઓફિસરનું કામ બીમાર વિદ્યાર્થીને તુરંત પ્રથમ સારવાર આપવાનું અને ઈમરજન્સી સેવાનો સંપર્ક કરવાનું રહેશે. શાળા પ્રશાસને બીમાર વિદ્યાર્થીના વાલીઓને તુરંત જાણ કરવાની રહેશે અને સ્થિતિ ગંભીર હોય તો ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે હોસ્પિટલમાં ખસેડવાની વ્યવસ્થા કરવાની રહેશે.

DEO ભગીરથસિંહ પરમારે જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ અને શિક્ષણ વિભાગ સતત એકબીજાના સંપર્કમાં છે. હીટવેવની સ્થિતિ પર મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. તંત્ર દ્વારા વાલીઓને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ જ્યારે બાળકને શાળાએ મોકલે ત્યારે સાથે પાણીની બોટલ અચુક આપે અને ઘરેથી નીકળતી વખતે બાળક પૂરતા પ્રમાણમાં પ્રવાહી લઈને નીકળે તેનું ધ્યાન રાખે. આકરા ઉનાળામાં બાળકોની સાવચેતી જ શ્રેષ્ઠ ઉપાય છે.

### અમરોલીમાં

૧,૫૦,૦૦૦ જેટલું નુકસાન થયું હોવાનું જણાવાયું છે. આ અંગે ૧૬ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રે ૨૧:૪૦ વાગ્યે અમરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

### સુરત સહિત

વલસાડ, વાપી તેમજ દાદર નગર હવેલીમાં છુટા છવાયા વરસાદની આગાહી કરાઇ છે. દરમિયાન આજે સવારના સમયે શહેરનું લઘુત્તમ તાપમાન ૨૧.૯ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું. ગઇકાલે મહત્તમ તાપમાન નીચુ જતા મોડી રાત્રિથી વહેલી સવાર સુધી થોડી ઠંડક રહી હતી. આજે સવારના સમયે દક્ષિણ પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૮ કિ.મીની ઝડપે પવન ફુંકાતા ગરમીની અસર ઓછી રહી હતી. વાતાવરણમાં ફેરફાર થતા ૧૯ માર્ચ સુધી વરસાદની પણ આગાહી કરાઇ છે ત્યારે માર્ચ મહિનામાં જ ગાજવીજ સાથે સુરત સહિત દ.ગુજરાતમાં મધ્યમ વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે.


**THE BARODA RAYON CORPORATION LIMITED**

Reg. Office: P.O. Baroda Rayon, Fatehnagar, Udhna, Dist. Surat-394220 (T) 0261-2899555 Email-admin@brcl.in
CIN – L45100GJ1958PLC000892 website-www.brcl.in.

**ભૌતિક શેરના ટ્રાન્સફર અને ડિમટીરિયલાઇઝેશન માટે ખાસ વિન્ડો**

SEBI ના પરિપત્ર ક્રમાંક HO/૩૮/૧૩/૧૧(૨)૨૦૨૬-MIRSD-POD/I/૩૭૫૦/૨૦૨૬ તારીખ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ અનુસાર, બધા શેરધારકોને આથી જાણ કરવામાં આવે છે કે એપ્રિલ ૦૧, ૨૦૧૯ પહેલાં વેચાયેલી/ખરીદી કરેલી ભૌતિક સિક્યોરિટીઝના ટ્રાન્સફર અને ડિમટીરિયલાઇઝેશન ("ડીમેટ") માટે ફેબ્રુઆરી ૦૫, ૨૦૨૬ થી ફેબ્રુઆરી ૦૪, ૨૦૨૭ સુધી એક વર્ષના સમયગાળા માટે એક ખાસ વિન્ડો ખોલવામાં આવશે. ઉપરોક્ત ખાસ વિન્ડો આવી ટ્રાન્સફર વિનંતી માટે પણ ઉપલબ્ધ રહેશે જે અગાઉ સબમિટ કરવામાં આવી હતી અને દસ્તાવેજો/પ્રક્રિયા/અથવા અન્યથા ખામીને કારણે નકારવામાં આવી હતી/પરત કરવામાં આવી હતી/ધ્યાનમાં લેવામાં આવી ન હતી. વધુમાં, આ રીતે ટ્રાન્સફર કરાયેલી સિક્યોરિટીઝ ફરજિયાતપણે ફક્ત ડીમેટ મોડમાં ટ્રાન્સફર કરનારને જમા કરવામાં આવશે અને ટ્રાન્સફરની નોંધણીની તારીખથી એક વર્ષના સમયગાળા માટે લોક-ઈન હેઠળ રહેશે. ઉપરોક્ત લોક-ઈન સમયગાળા દરમિયાન આવી સિક્યોરિટીઝ ટ્રાન્સફર/લીન-માર્ક/ગીરવે મૂકવામાં આવશે નહીં. આ વિન્ડો હેઠળ ટ્રાન્સફર કરનાર અને ટ્રાન્સફર કરનાર વચ્ચેના વિવાદો અને ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ (IEPF) માં ટ્રાન્સફર કરાયેલી સિક્યોરિટીઝને લગતા કેસોને ધ્યાનમાં લેવામાં આવશે નહી.

શેરધારકોને આ તકનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે કે તેઓ મૂળ સુરક્ષા પ્રમાણપત્ર, શેર ટ્રાન્સફર ડીડ, ક્લાયન્ટ માસ્ટર લિસ્ટ (CML) અને ઉપરોક્ત સેબી પરિપત્રમાં સૂચિબદ્ધ અન્ય તમામ દસ્તાવેજો કંપનીના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ ("RTA") એટલે કે એમયુએફજી ઈન્ટાઇમ ઇન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, સી-૧૦૧, ૨૪૭ પાર્ક, એલબીએસમાર્ગ, વિક્રોલી વેસ્ટ, મુંબઈ ૪૦૦૦૮૩ (મહારાષ્ટ્ર) ને સુપરત કરે.

કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, શેરધારકોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ RTA ને investro.helpdesk@in.mpms.mufg.com પર અથવા કંપનીને www.brcl.in પર સેવા વિનંતી કરે.

**તારિક : ૧૬/૦૩/૨૦૨૬ ફોર ધી બરોડા રેયોન કોર્પોરેશન લિમિટેડ**
**સ્થળ:સુરત સહી/-**
**કુંજલદેસાઈ કંપનીસેક્રેટરી**


Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka